# આજથી બે દિવસ બેંક હડતાળ

નવી દિલ્હી,તા.૯

જુદી જુદી માંગણીઓને લઈને સરકાર ઉપર દબાણ વધારવાના હેતુસર ૧૦ લાખ ભારતીય બેંક કર્મચારીઓ આવતીકાલથી બે દિવસની હડતાળ ઉપર ઉતરી જવા કમર કસી ચૂક્યા છે. બે દિવસ સુધી રાષ્ટ્રવ્યાપી હડતાળ દરમિયાન બેંક કર્મચારીઓ તેમના કામથી દૂર રહેશે. કર્મચારીઓએ ઊંચા પગારની સાથે સાથે બેન્કીંગ ક્ષેત્રમાં ખાનગી કંપનીઓને મંજૂરી આપવાની નીતિ સામેનો પણ વિરોધ કરનાર છે. યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયનોએ સૂચિત વોકઆઉટ અંગે ઈન્ડિયન બેંક એસોશીએશને નોટિસ આપી દીધી છે. દેશની સૌથી મહાકાય બેંક સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાએ સ્ટોક એક્સચેન્જને એક નિવેદન જારી કરીને આ અંગેની માહિતી આપી દીધી છે. ઓલ ઈન્ડિયા સ્ટેટ બેંક ઓફિસર ફેડરેશનના પ્રમુખ બી કે અવસ્તીએ કહ્યું છે કે મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવેલી ૧૦ટકાની ઓફર સામે ૨૦ટકા પગાર વધારાની અમારી મુખ્ય માંગ છે. આ ઉપરાંત બેન્કીંગ સેવાને લઈને પણ કેટલીક માંગ રહેલી છે. પગારમાં વધારા ઉપરાંત અન્ય જે માંગ રહેલી છે તેમાં ધારાધોરણોને હલવા કરવાની બાબતનો સમાવેશ થાય છે. છઠ્ઠી ફેબ્રુઆરીના દિવસે આઈબીએ સાથે બેઠક યોજવામાં આવી હતી જે ફ્લોપ રહી હતી. તમામ જાહેર ક્ષેત્રની બેંકો હડતાળ પાડનાર છે જેથી ગ્રાહકોને પહેલાથી જ સૂચના આપવામાં આવી છે. જો કે ખાનગી ક્ષેત્રની બેંકો આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસી બેંક અને એક્સિસ બેંકમાં કામકાજ સામાન્ય રીતે ચાલશે. કર્મચારી સંગઠનો અને




મેનેજમેન્ટ વચ્ચે પગારમાં વધારો કરવાના મુદ્દે સહમતિ થઈ નથી જેથી હડતાળ પર જવા માટે જાહેર ક્ષેત્રની બેંકોના કર્મચારીઓ નિર્ણય કરી ચૂકયા છે. નેશનલ ઓર્ગેનાઈઝેશન ઓફ બેંક વર્કર્સ અને યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયનના અધિકારીઓએ આ મુજબની માહિતી આપી છે. યુએફબીયુના અધિકારી એમ વી મુરલીનું કહેવું છે કે ચીફ લેબર કમીશનર સમક્ષ કર્મચારી સંગઠનો તથા ઈન્ડિયન બેંક એસોશીએશન વચ્ચેની બેઠકમાં વિવાદનો ઉકેલ આવી શકયો ન હતો. એનઓબીડબલ્યુના મહાસચિવ અશ્વીન રાણાએ કહ્યું છે કે બેંક મેનેજમેન્ટે જે ઓફર કરી છે તે ફુગાવા મુજબ નથી જેથી યુનિયનો વિરોધ કરી રહ્યા છે. આ અગાઉ ૧૪મી ડિસેમ્બરના દિવસે પગારની સમીક્ષા કરવાના મુદ્દે વિખવાદ થયો હતો. આઈબીએની બેઠક પરિણામ વગરની રહ્યા બાદ જાહેર ક્ષેત્રની બેંકોના કર્મચારીઓ ૧૮મી ડિસેમ્બરના દિવસે હડતાળ ઉપર ઉતરી ગયા હતા. કર્મચારીઓના પગારમાં વધારો કરવાનો મામલો ૨૦૧૨થી અટવાયેલો છે. અત્રે ઉલ્લેખનીય છે કે દેશમાં જાહેર ક્ષેત્રની ૨૭ બેંક છે અને તેમાં ૧૦ લાખથી વધુ કર્મચારીઓ કામ કરે છે આવી સ્થિતિમાં બેંક કર્મચારીઓની તકલીફને દૂર કરવા તરત ધ્યાન આપવા સરકાર ઉપર દબાણ વધી ગયું છે.

## બેન્કીંગ સેક્ટરમાં આગામી પાંચ-દસ વર્ષમાં ૨૦ લાખ નવી નોકરીની તકો સર્જાય તેવી શક્યતા

નવી દિલ્હી,તા. ૯

બેન્કીંગ સેક્ટરમાં આગામી પાંચ-દસ વર્ષમાં ૨૦ લાખ નવી નોકરીની તકો સર્જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. આરબીઆઈ દ્વારા તૈયાર કરવામાં આવી રહેલા પ્રયાસો અને સરકાર દ્વારા ફાઈનાશિયલ સર્વિસને ગ્રામીણ વિસ્તારોમાં ફેલાવવાની યોજનાના પરિણામ સ્વરૂપે બેન્કીંગ સેક્ટરમાં ૨૦ લાખ નવી નોકરીની તકો સર્જાશે. ગ્રામીણ ક્ષેત્રોમાં ફાઈનાશિયલ સર્વિસને આગળ વધારવા માટે સરકાર કમર કસી ચૂકી છે. આવી સ્થિતિમાં બેન્કીંગ સેક્ટર ૨૦ લાખ નવી નોકરીની તકો ઊભી કરે તેવી શક્યતા છે. જાહેર ક્ષેત્રની બેંકો તરફથી ભરતીનો પ્રવાહ આવનાર દિવસોમાં વધુ ઝડપી બને તેવી શક્યતા છે. આગામી થોડાક વર્ષોમાં વર્કફોર્સ પૈકીના અડધાથી વધુ લોકો નવા રહેશે. એચઆર સર્વિસના જણાવ્યા મુજબ બેન્કીંગ સેક્ટર આગામી દશકમાં ૭-૧૦ લાખ નોકરીની તકો ઊભી કરશે. ૨૦૧૪માં બેન્કીંગ સેક્ટર સૌથી વધુ રોજગારીની તકો ઉપલબ્ધ કરાવનાર ક્ષેત્ર બની જશે. આંકડા દર્શાવે છે કે જાહેર ક્ષેત્રની બેન્કોની હિસ્સેદારી ભરતીમાં વધારે રહેશે. આગામી વર્ષોમાં જાહેર ક્ષેત્રની બેંકો લાખો કર્મચારીઓની ભરતી કરશે. આ ગાળા દરમિયાન લોઅર અને મિડલ લેવલ ઉપર કામ કરતા કર્મચારીઓ પૈકી અડધાથી વધુ કર્મચારીઓ નિવૃત્ત થશે. જાણકાર લોકોનું કહેવું છે કે બેન્કીંગ ક્ષેત્રમાં નોકરી કરનાર ઈચ્છુક લોકોની સંખ્યામાં પણ સતત વધારો થઈ રહ્યો છે.

આવી સ્થિતિમાં આરબીઆઈએ પણ નવા બેન્ક લાઈસન્સ જારી કરવાની તૈયારી કરી છે. નવા બેન્કીંગ લાઈસન્સ મેળવવા ઘણી કંપનીઓ મેદાનમાં છે. જેમાં ટાટા, બિરલા અને રિલાયન્સનો સમાવેશ થાય છે.

# ફિસ્કલ ડેફિસીટ વધુ ઘટીને ૪.૭ ટકા થવાની સંભાવના

નવી દિલ્હી,તા.૯

વર્ષ ૨૦૧૩-૧૪માં ફિસ્કલ ડેફિસીટ ઘટીને ૪.૭ ટકા થાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ફિસ્કલ ડેફિસીટ ઘટવાની વાતથી સરકાર અને આરબીઆઈ માટે પણ ખૂબ સારા સંકેત રહ્યા છે. ફિસ્કલ ડેફિસીટના કારણે હાલમાં હાલત કફોડી બનેલી હતી. નાણામંત્રાલયના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે ટેલિકોમ સ્પેક્ટ્રમની હાલમાં ચાલી રહેલી હરાજીના અનુસંધાનમાં અપેક્ષા કરતા વધુ સારા પરિણામ મળ્યા છે જેના લીધે ૨૦૧૩-૧૪માં ફિસ્કલ ડેફિસીટ જીડીપીના ૪.૭ ટકા સુધી રહી શકે છે. તેમને કહ્યું છે કે સ્પેક્ટ્રમ હરાજીથી ખૂબ સારી રકમ મળી છે. વિશ્વસનીયતા પણ બજારમાં વધી રહી છે. સરકારે વર્તમાન નાણાંકીય વર્ષમાં ફિસ્કલ ડેફિસીટને જીડીપીના ૪.૯ ટકાથી ઘટાડીને ૪.૮ ટકા સુધી




લાવવાની યોજના બનાવી હતી. પરંતુ હવે આનાથી પણ વધુ નિયંત્રણ ફિક્સલ ડેફિસીટ ઉપર મૂકવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે ૫૬૧૯૦ કરોડ રૂપિયાના બીડ ટુજી રેડિયો વેવની હરાજી મારફતે આવી ચૂક્યા છે.

આ આંકડો સતત વધે તેવી શક્યતા દેખાઈ રહી છે. સરકારે તેના બજેટમાં સ્પેક્ટ્રમ હરાજી મારફતે ૪૦ હજાર કરોડ રૂપિયા મળવાની વાત કરી હતી પરંતુ હરાજી મારફતે આના કરતા પણ વધારે રકમ મળી રહી છે. સરકારે ડિસઈન્વેસ્ટમેન્ટના ટાર્ગેટને લઈને દુવિધાભરી સ્થિતિ ઊભી કરી છે. સરકારે વર્તમાન નાણાંકીય વર્ષ માટે ધિરાણની યોજનાને પહેલાંથી જ જટિલ સ્થિતિના કારણે ઘટાડી દીધી છે. એપ્રિલ-ડિસેમ્બરના ગાળામાં ફિક્સલ ડેફિસિટનો આંકડો બજેટના અંદાજના ૯૫.૨ ટકા સુધી પહોંચી ગયો હતો.

# શ્રીનગરમાં અંતે યાસિન મલિકની અટકાયત થઈ

શ્રીનગર,તા.૯

અલગતાવાદી નેતા યાસિન મલિકની આજે ધરપકડ કરવામાં આવી હતી. ડિસેમ્બર ૨૦૦૧માં સંસદ પર કરવામાં આવેલા ભીષણ આતંકવાદી હુમલામાં મુખ્ય ભૂમિકા ધરાવનાર અફઝલ ગુરુને ફાંસી આપ્યાના એક વર્ષ બાદ આના વિરોધમાં યાસિન મલિક માર્ચનો પ્રયાસ કર્યો હતો.

જમ્મુ કાશ્મીર લિબરેશન ફ્રન્ટના ચેરમેન યાસિન મલિકની સાથે તેમના ડઝન જેટલા સમર્થકોએ લાલ ચોક ખાતે રેલી યોજવાનો પ્રયાસ કર્યો હતો. યાસિન મલિકે મેસુમામાં તેમની ઓફિસથી સીટી સેન્ટર લાલચોક તરફ આગેકૂચ કરવાનો પ્રયાસ કર્યો હતો. જેકે એલએફની કૂચ દરમિયાન અફઝલ ગુરુના અવશેષો તેના પરિવારને પરત આપી દેવાની માંગ કરવામાં આવી હતી. પોલીસ અને કેન્દ્રિય અર્ધલશ્કરી દળોએ આક્રમક કાર્યવાહી કરીને આગેકૂચને રોકી દીધી હતી અને તેમને અટકાયતી કસ્ટડીમાં લીધા હતા. અન્ય કેટલાક લોકોને પણ અટકાયતી કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. બીજી બાજુ સુરક્ષાદળોએ શ્રીનગર શહેર અને આસપાસના વિસ્તારોમાં કઠોર નિયંત્રણો લાદી દીધા હતા. યાસિન મલિક અને જેકેએલએફના અન્ય નેતાઓને રૂઢીવાદી તરીકે ગણવામાં આવે છે. કાશ્મીરના મોટા ભાગના વિસ્તારોમાં આજે સંચારબંધી પણ લાદવામાં આવી હતી. સંસદ પર હુમાલના અપરાધી અફઝલ ગુરુને ફાંસીની વરસીને લઈને દેખાવો કરવાની રણનીતિ ઘડવામાં આવી હતી.

### ભાજપે શ્રેણીબદ્ધ રચનાત્મક સૂચનો કર્યા છે

# તેલંગાણા બિલ અંગે વ્યાપક અભ્યાસ થશે : વેંકૈયા નાયડુ

નવી દિલ્હી,તા.૯

ભાજપના વરિષ્ઠનેતા એમ વેંકૈયા નાયડુએ આજે કહ્યુ હતુ કે સંસદમાં આને ટેકો આપવા અંગે કોઈ નિર્ણય લેતા પહેલા જટિલ તેલંગાણા બિલ મામલે વિસ્તૃત અભ્યાસ કરવામાં આવશે. નેલ્લોરમાં પત્રકારો સાથે વાતચીત કરતા નાયડુએ કહ્યુ હતુ કે કેટલીક સ્પષ્ટતા આગામી દિવસોમાં બિલને લઈને કરવામાં આવશે. તેલંગાણા રાજ્ય માટે તેમની પાર્ટી કટિબદ્ધ છે જેવી વાત કરતા નાયડુએ સિમાન્ધ્રના લોકોની ચિંતાને ધ્યાનમાં લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. નાયડુએ એમ પણ કહ્યુ હતુ કે બંને પ્રદેશોના વિકાસ માટે અમે કેટલાક રચનાત્મક સૂચનો કરી ચુક્યા છીએ પરંતુ કેન્દ્ર સરકારે આ રચનાત્મક સૂચનોને ધ્યાનમાં નહીં લીધા હોવાનું જાણવા મળી રહ્યુ છે. ભાજપના નેતાએ કહ્યુ હતુ કે કેન્દ્રિય પ્રધાન જયરામ રમેશ સાથેની વાતચીત દરમિયાન તથા અન્ય મિટિંગોમાં પણ તેલંગાણા અંગે રચનાત્મક સૂચનો કરવામાં આવ્યા હતા. જયરામ રમેશ ગ્રુપ ઓફ મિનિસ્ટર્સના એક સભ્ય તરીકે રહ્યા છે. નાયડુએ કહ્યુ હતુ કે તેઓએ તેમના સૂચનો એ વખતે આપ્યા હતા જ્યારે કોંગ્રેસના નેતાોની બેઠક મળી રહી હતી. દિગ્વિજયસિંહ અને અહેમદ પટેલ જેવા કોંગ્રેસના નેતાઓએ તેમને મળીને તેલંગાણા બિલ માટે ભાજપના ટેકાની માંગ કરી હતી. નાયડુએ કહ્યુ હતુ કે કેન્દ્ર સરકાર આંધ્રપ્રદેશ અને સૂચિત નવા રાજ્યના બજેટ વચ્ચે અંતરને દૂર કરવાના સંદર્ભમાં રજુઆત કરે તે જરૂરી છે. તેમણે ધ્યાન દોર્યુ હતુ કે દરિયાકાંઠાના આંધ્રનું બજેટ ૬૮૪ કરોડથી વધુનું છે જ્યારે રાયલસીમા ૭૬૦૦ કરોડનું ડેફીસીટ બજેટ ધરાવે છે. હૈદરાબાદ વિના તેલંગાણા ૮૪૦૦ કરોડનું ડેફીસીટ બજેટ ધરાવે છે જ્યારે હૈદરાબાદ ૧૨૮૫૪ કરોડનું વધારાનું બજેટ ધરાવે છે. સિમાન્ધ્રના ભાજપના સભ્યો દ્વારા તેલંગાણા બિલમાં ઘણા ફેરફાર કરવાની માંગણી કરવામાં આવી રહી છે. તેલંગાણા બિલના ભાવિને લઈને હાલમાં અનિશ્ચિતતા દેખાઈ રહી છે. આંધ્રપ્રદેશ સરકાર અને કેન્દ્રની સરકાર આને લઈને આમને સામને છે.

# ૫ લાખથી વધુની એલઆઈસી પોલિસી પર હવે રાહત

ઈન્સ્યોરન્સ રેગ્યુલેટર ઈરડાએ એલઆઈસીને ૪૫ પોલિસી બંધ કરવા અને નવી પોલીસીઓમાં પોલીસી ધારકોને ૩.૦૯ ટકા સર્વિસ ટેક્સ વસુલ કરવાનો નિર્દેશ આપ્યો હતો. એલઆઈસી દ્વારા પોલિસી બંધ કરી દેવામાં આવી હતી અને હવે તે નવી પોલીસીઓને લઈને માર્કેટમાં આવે છે. પરંતુ ગ્રાહકોના સર્વિસ ટેક્સના ભારને ઘટાડવાના હેતુસર નવો નિર્ણય કરવામાં આવ્યો છે. પોતાની નવી પોલીસીમાં એલઆઈસી ગ્રાહકોને પાંચ લાખ રૂપિયા અથવા તો તેનાથી વધારાની પોલીસીના કુલ પ્રિમિયમ પર ત્રણ ટકા રાહત આપવાનો નિર્ણય કર્યો છે. જેથી તમામ લોકોને રાહત થશે. દાખલા તરીકે જો કોઈ પોલીસી ધારકોના પ્રિમિયમની રકમ ૧૦૦૦ છે તો તેને ૩૦ રૂપિયાની રાહત આપવામાં આવશે. સુત્રોના જણાવ્યા મુજબ એલઆઈસી દ્વારા નવી પોલીસીની રૂપરેખા જ્યારે ઈરડાને મોકલાવામાં આવી ત્યારે તેમાં રાહતનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ઈરડાએ ત્યારબાદ કેટલીક બાબતો સામે વાંધો ઉઠાવ્યો હતો. ઈરડએ કહ્યું હતું કે આને લઈને કેટલીક ખાનગી કંપનીઓ હોબાળો મચાવી શકે છે. એલઆઈસી દ્વારા સ્પષ્ટતા કરવામાં આવ્યા બાદ ઈરડાએ આને મંજૂરી આપી છે.

### શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

સંપાદકે અહીં ચૂંટીને મુકેલી વીસ વાર્તાઓ પૈકી મોટા ભાગની સ્ત્રીપુરૂષ સંબંધને લગતી છે. એમાંય મોટા ભાગની વાર્તાઓનાં કેન્દ્રમાં પ્રણય અને જાતીય જીવન છે. લેખકની રમણ ભૂમિ મહદંશે ગ્રામીણ પ્રદેશ છે. આ વાર્તાઓનાં પાત્રો જીવંત અને ધબકતાં લાગે છે. વાર્તાઓમાં લેખક એક ઠોસ પરિસ્થિતિ યોજે છે. સંદર્ભ રચે છે અને એમાં પાત્ર જીવનની એક એવી ક્ષણ પસંદ કરે છે. જેમાંથી પાત્ર ઉઘડતું તે ક્રમશઃ વિકસતું જાય છે. પસંદ કરે છે. વસ્તું સંકલનની દૃષ્ટિએ લેખક પરંપરાવાદી કે પ્રયોગવાદી નથી પણ આવશ્યકતાવાદી છે. લેખક તરફથી કથન ઓછું અને સંવાદો ઝાઝા એ એમની કથન રીતિની ખાસ લાક્ષણિક્તા છે, અને વિશેષતા પણ છે. તેમની ભાષામાં વ્યક્ત થતી બોલાતી ભાષાની, જીવતી ભાષાની સુગંધ, બીજી વિશેષતા સંવાદો દ્વારા લેખન પાત્રને ઘડે છે. તેનો વસ્તુવિકાસ કરે છે અને વાતાવરણને સજીવ બનાવે છે. તો ત્રીજી વિશેષતા એ છે કે લેખક તેમની વાર્તાઓમાં સ્થૂળતા નિરૂપણ પરથી સૂક્ષ્મનું સૂચન કરી જાય છે. જેમાં ઘણી વખત પાત્રને બોલાવ્યા વગર તેની ચેષ્ટાઓ દ્વારા તેને જીવંત બનાવે છે. આ વાર્તાઓમાં આપણે સાબરકાંઠા જિલ્લાના દહેગામડા, બોલુન્દ્રા, હડમતિયા, તલોદ જેવા ગામોની લોકબોલી અને ઘટનાઓ ને વાર્તા રૂપે ગૂંથેલ હોવાની સચ્ચાઇનો રંગ મળે છે.

ડો. કેશુભાઇ દેસાઇની વાર્તા સૃષ્ટિનું સંપાદન કરનાર પ્રાગજીભાઇ ભામ્ભીનો જન્મ ૨૪-૩-૧૯૪૦ ના મલાસા. તા. ભિલોડા ખાતે થયો હતો. નિવૃત્ત અધ્યાપક અને દલિત સાહિત્યકાર એવા પ્રાગજીભાઇને તેમનાં વાર્તાસંગ્રહ 'ફરી પાછા પૃથ્વી પર' માટે ગુ.સા. અકાદમીનું પારિતોક મળેલું છે. 'દીવાળીના દિવસો' નવલકથા અને લોકસાહિત્ય તેમજ વિવેચનનાં પુસ્તકો પણ પ્રગટ થયેલો છે. તેમની નવલકથા 'આગે કદમ' પ્રગટ થનાર છે. ડિવાઇન પબ્લિકેશનના અમૃતભાઇ ચૌધરી દ્વારા સુંદર રૂપરંગવાળા પુસ્તકને આવકારું છું.

*'કેશુભાઇ દેસાઇની વાર્તા સૃષ્ટિ'*
*સંપાદક - પ્રાગજીભાઇ ભામ્ભી*
*પ્રકાશક - ડિવાઇન પબ્લિકેશન્સ, ૬૯૮, કોઠારી પોળ, ગાંધી રોડ, અમદાવાદ-૧*
*પૃષ્ઠ-૧૮૬, કિંમત રૂા. ૧૦૦/-, પ્રથમ આવૃત્તિ - ૨૦૦૭*

# કેન્સરના બધા દર્દી માટે કસરત વન્ડર દવા સમાન

**કસરતથી કેન્સરના કારણે મૃત્યુના ખતરાને ઘટાડી શકાય છે : સારવારથી થતી સાઈડ ઇફેક્ટને ઘટાડી શકાય છે**

લંડન, તા. ૯

કેન્સરના દર્દીઓને આવરી લઈને તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અને માહિતીરૂપ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે કસરત કેન્સરના દર્દીઓ માટે વન્ડર ડ્રગ સમાન છે. કેન્સરના દર્દીઓને કસરત કરવાથી ખૂબ મોટો ફાયદો થાય છે. બ્રિટનમાં તાજેતરમાં જ કરાયેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે કેન્સરથી પીડાતા તમામ દર્દીઓને દર સપ્તાહમાં બેથી અઢી કલાક સુધી શારીરિક કસરત કરવી જોઈએ. આ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સારવાર લેવામાં આવ્યા બાદ સંપૂર્ણ આરામ અને નિયમિત પણે કસરત કરવાથી ફાયદો થાય છે. રિસર્ચમાં જાણવા મળ્યું છે કે કસરતથી કેન્સરના કારણે મોત થવાના ખતરામાં ઘટાડો થઈ જાય છે અને સારવારની અસરને ઘટાડવામાં કસરત મદદરૂપ થાય છે. ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થે કહ્યું છે કે સ્થાનિક નવી પહેલથી પણ ફાયદો થાય છે. મેકમિલન કેન્સરના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે બ્રિટનમાં ૨ મિલિયનથી વધુ કેન્સરથી ગ્રસ્ત લોકો પૈકી ૧.૬ મિલિયન જેટલા લોકો શારીરિક રીતે સક્રિય રહેતા નથી. એડલ્ટ કેન્સરના દર્દીઓ અને કેન્સરથી બચી ગયેલા લોકોએ દર સપ્તાહમાં ૧૫૦ મિનિટ સુધી હળવી કસરત કરવી જોઈએ. રિપોર્ટમાં જણાવાયું છે કે સતત સક્રિય રહેવાથી ફાયદો મળે છે. અહેવાલમાં અમેરિકન કોલેજ ઓફ સ્પોર્ટ્સ મેડીસિને ભલામણ કરી છે કે કસરત ખૂબ જ સુરક્ષિત છે. મોટા પ્રકારના કેન્સરની સારવાર બાદ કસરત આદર્શરૂપ છે. કેન્સરથી બચી ગયેલા લોકોએ સક્રિય રહેવાની જરૂર છે. સતત સક્રિય રહેવાથી કેન્સરની અસરમાંથી બહાર નીકળવામાં મદદ મળે છે. પુરાવાની સમીક્ષા દર્શાવે છે કે શારીરિક કસરતથી સારવાર દરમિયાન ઠાકમાં વધારો થતો નથી. આના બદલામાં એનર્જીમાં વધારો થાય છે. આ ઉપરાંત તે હાર્ટ સાથે સંબંધિત રોગ થવાના ખતરાને પણ ઘટાડે છે.

## શ્રદ્ધાકપૂર પોતાની આવનાર ફિલ્મને લઈને આશાવાદી છે

મુંબઈ, તા.૯

આશિકી-૨ ફિલ્મ મારફતે બોલિવુડમાં લોકપ્રિયતા મેળવનાર અભિનેત્રી અને શક્તિકપૂરની પુત્રી શ્રદ્ધાકપુરનું કહેવુંછે કે તેને ફુટબોલની રમત ખુબ પસંદ છે. પોતાની પસંદગીની બાબતોનો ઉલ્લેખ કરતા શ્રદ્ધાનું કહેવું છે કે ફુટબોલની રમતથી તે સ્કૂલના દિવસથી જ પ્રભાવિત રહી છે. પોતાની સ્કૂલની ટીમ તરફથી પણ તે ફુટબોલ રમી ચુકી છે. તેનું કહેવું છે કે તે ભારત તરફથી પણ મહિલા ફુટબોલ ટીમમાં રમવા ઈચ્છુક હતી પરંતુ આ બાબત શક્ય બની નથી. એક અભિનેત્રી તરીકે શરૂઆતમાં નિષ્ફળતા મળ્યા બાદ આશિકી-૨ ફિલ્મમાં તેને સફળતા મળી હતી. શ્રદ્ધાની આવનાર ફિલ્મોમાં ઉંગલી અનેહૈદરનો સમાવેશ થાય છે. હૈદરમાં તેની સાથે શાહિદ કપૂર છે. જો કે શ્રદ્ધા કપુરે હાલમાં જ કેટલીક મોટી ફિલ્મો ગુમાવી દીધી છે જેમાં અક્ષયકુમાર સાથેની ફિલ્મનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અભિષેક બચ્ચન સાથે પણ એક ફિલ્મમાં કામ કરવાનો શ્રદ્ધાકપૂરે ઈન્કાર કરીને બોલિવુડમાં તમામ લોકોને નારાજ કરી દીધા હતા.

# પ્રથમ ટેસ્ટમાં ન્યૂઝીલેન્ડની ભારત પર ૪૦ રને જીત

ઓકલેન્ડ,તા.૯

ઓકલેન્ડના ઈન્ડિન પાર્ક ખાતે રમાયેલી પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચ ન્યૂઝીલેન્ડે આજે અતિ રોમાંચક તબક્કામાં મેચ પ્રવેશ્યા બાદ ૪૦ રને



જીતી લીધી હતી જેથી ભારતીય ક્રિકેટ ચાહકોમાં નિરાશા ફેલાઈ ગઈ હતી. ગઈકાલે ભારતે જીતવા માટેની આશા જગાવી હતી પરંતુ આજે ફરી ભારતનો ધબડકો થઈ ગયો હતો. જીતવા માટેના ૪૦૭ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતીય ટીમ તેના બીજા દાવમાં ૩૬૬ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી ગઈકાલે અણનમ રહેલા શિખર ધવને ફરીવાર ફોર્મ મેળવીને સદી ફટકારી હતી. ધવન ૧૧૫ રન બનાવી આઉટ થયો હતો. ધવને પોતાની ઈનિંગ્સમાં ૧૨ ચોગ્ગા અને એક છગ્ગા સાથે આ રન બનાવ્યા હતા. ઉપરાંત કોહલી ૬૭ રન બનાવી આઉટ થયો હતો. જો કે અન્ય બેટ્સમેનો લાંબી ઈનિંગ્સ રમી શક્યા ન હતા અને નિયમિતગાળામાં વિકેટો ગુમાવી હતી જેના પરિણામ સ્વરૂપે ટીમ ઈન્ડિયા માત્ર ૩૬૬ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. ન્યૂઝીલેન્ડ તરફથી વાઘનરે સૌથી વધુ ૬૨ રન આપી ચાર વિકેટ ઝડપી હતી. જ્યારે બોલ્ટ અને સાઉથીએ ત્રણ-ત્રણ વિકેટ ઝડપી હતી. આ ટેસ્ટ મેચમાં મેન ઓફ ધ મેચ તરીકે ન્યૂઝીલેન્ડના કેપ્ટન મેક્કુલમની પસંદગી કરવામાં આવી હતી. મેક્કુલમે ન્યૂઝીલેન્ડની પ્રથમ ઈનિંગ્સમાં ૨૨૪ રન બનાવ્યા હતા જેમાં ૨૯ ચોગ્ગા અને પાંચ છગ્ગાનો સમાવેશ થાય છે આ ઉપરાંત એન્ડરસને ૭૭ રન કર્યા હતા. આ ટેસ્ટ મેચમાં જીત પહેલાં ન્યૂઝીલેન્ડે વન-ડે શ્રેણીમાં પણ ભારત ઉપર ૪-૦થી જીત મેળવી હતી. ધોનીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયાની પ્રતિષ્ઠાને ન્યૂઝીલેન્ડના પ્રવાસમાં મોટો ફટકો પડ્યો છે. ન્યૂઝીલેન્ડની વિકેટ ઉપર ભારતીય બેટ્સમેનોનો ફ્લોપ શો યથાવત્ રીતે જારી રહ્યો છે. વાઘનરે ભારતની પ્રથમ ઈનિંગ્સમાં પણ ચાર વિકેટ ઝડપી હતી અને બીજી ઈનિંગ્સમાં પણ ચાર વિકેટ ઝડપી હતી. આ મેચમાં તે આઠ વિકેટ લેવામાં સફળ રહ્યો હતો અને પોતાની ટીમને જીત અપાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી.

### ટાઈમ લાઈન ● અનુસંધાન સાતમાંનું ચાલુ

**ભાજપ કહે, વેલકમ, કોગ્રેસ કરે ગુડબાય....**

લોકસભાની ચૂંટણી પહેલાં ગુજરાતમાં આયારામ-ગયારામની પકડ વધુ તેજ બની છે. ચૂંટણીમાં એકબીજાને ગાળો આપતા નેતાઓ હવે એક પાર્ટીમાં ગળે લાગી રહ્ાાં છે. -દેશ ભાજપમાં વેલકમના બોર્ડ લાગ્યા છે. ભાજપમાંથી કોંગ્રેસમાં ગયેલા અને મૂળ કોંગ્રેસના નેતાઓને ભાજપમાં આવકાર મળી રહ્ાો છે. આમ જુઓ તો વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા પણ હાઈજેક થઈ શકે છે, પણ તેઓ ઈન્કાર કરે છે. હા, તેમના ચૂંટાયેલા સમર્થકો ભાજપમાં જોડાઇ રહ્ાા છે. બાવકુ ઉંધાડ પછી એવા ડઝન ધારાસભ્યો છે જેમને ભાજપે આમંત્રણ મોકલ્યાં છે....

બીજી તરફ કોંગ્રેસ પાસે ગુડબાય કહેવા સિવાય કોઇ વિકલ્પ બચ્યો નથી. પહેલાં નરહરિ અમીન પછી વિઠ્ઠલ રાદડિયા અને એક પછી એક નેતાઓ ભાજપમાં જોડાઇ રહ્ાાં છે. કોંગ્રેસમાંથી સસ્પેન્ડ થાય કે ન થાય, નેતાઓ કેસરિયો પહેરીને મિડીયા સામે ગોઠવાઇ જાય છે. અધુરામાં પુરૂં હોય તેમ રાહુલ ગાંધીએ નિષ્ક્રિય એવા હોદ્દેદારોને ખસેડવાનો આદેશ આપ્યા પછી તો એવું લાગે છે કે લોકસભાની ચૂંટણી પહેલાં -દેશ કોંગ્રેસની ઓફિસને તાળા મારવા પડશે. આ તો મોદી એક્ટ, કોંગ્રેસ રિએક્ટ જેવી વાત થઇ છે...

**આ જીઓએમ ક્યાં સુધી ચાલશે..?!!**

નવી દિલ્હીની જેમ ગુજરાતની જીઓએમ-એટલે કે ગ્રુપ ઓફ મિનિસ્ટર્સ ની બેઠકો ક્યાં સુધી ચાલશે તેવો સવાલ એક સેક્રેટરીએ કર્યો તો તેમને એવો જવાબ મળ્યો કેઁ જયાં સુધી લોકસભાનું પરિણામ ના આવે ત્યાં સુધી એટલે કે મે મહિના સુધી તો બેઠકો મળતી રહેશે.. આપણું ગુજરાત આગવું ગુજરાત તો છે જ, પણ આપણા મુખ્યમંત્રી આગવા મુખ્યમંત્રી પણ ખરા ને... રાજયસભામાં જેમના નામની અટકળો વહેતી થયેલી તે તમામ કપાયા અને તદન નવા જ ચહેરા સામે આવ્યા... મિડીયામાં જે કંઇ આવે તેની વિરૂદ્ધ નિર્ણય લેવાય છે, એ આજકાલનો સિરસ્તો નથી. ૧૯ વર્ષથી ચાલતો આવે છે. ૨૦૦૧ પછી તો ખાસ...!!

ગ્રુપ ઓફ મિનિસ્ટરમાં હાલ આનંદીબેન પટેલ, નિતીન પટેલ, સૌરભ પટેલ અને ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા છે. ક્યા -ધાન કોની ચેમ્બરમાં જાય છે તે નક્કી નથી પણ બે ચેમ્બરો છે જેમાં જીઓએમ મળે છે. એક છે આનંદીબેન પટેલની ચેમ્બર અને બીજી છે નિતીન પટેલની ચેમ્બર.. અટકળો -માણે આ બન્ને મુખ્ય-ધાનના દાવેદારો ગણી શકાય છે, પરંતુ જે સિરસ્તો છે તે જોતાં આ સર્વોચ્ચ પદ માટે કોઇ નવું, આશ્ચર્યજનક નામ ઉભરી આવે તો નવાઇ પામવા જેવું નથી...જો કે હાઇકમાન્ડે એક ચોખવટ કરી દીધી છે કે મોદીને ખસેડવાનો કોઇ - ઉપસ્થિત થતો નથી. તેઓ ગુજરાતનો વહીવટ સંભાળે છે અને સાથે સાથે દેશભરની રેલીઓને સંબોધન પણ કરે છે...

**આજના જમાનામાં મિસ્ટર કિલન કોણ છે...?!!**

ભારતના રાજકારણમાં મિસ્ટર કિલન કોણ છે... જવાબ નો માં છે. દિલ્હીના મુખ્ય-ધાન અરવિંદ કેજરીવાલના શબ્દોમાં કહીએ તો કોઇપણ રાજનેતા મિસ્ટર કિલનની ઈમેજ ધરાવતા નથી.. તેમણે ભાજપ અને કોંગ્રેસ સહિતના પક્ષોના નેતાઓ ઉપર ભ્રષ્ટાચારનું લેબલ ચિપકાવી દીધું છે. લોકસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને બેઠકો મળે તે ન મળે, કેજરીવાલનો ટારગેટ કોંગ્રેસ અને ભાજપના મોટા ગજાના નેતાઓને હરાવવાનો છે. દિલ્હીમાં શીલા દિક્ષિતને જેમ પરાજય આપ્યો તેમ તેમની ઈચ્છા મોટા નેતાઓને હરાવવાની છે...

કાચના ઘરમાં રહેવું અને સામેવાળાના ઘરમાં પથ્થરો ફેંકવા તે રાજકારણમાં ચાલે નહી, બીજા ઉપર કાદવ ઉછાળતા પહેલાં પોતાના ઘરને સાફ કરવું પડે... કેજરીવાલને કોણ સમજાવશે કેઁ તમે જેમની સામે પડ્યા છો તેઓ રાજકારણના અઠંગ ખેલાડીઓ છે, -ામાણિકતાની વાતો કરવી અલગ બાબત છે અને -ામાણિક રહેવું તે અલગ સ્થિતિ છે. હું મિસ્ટર કિલન છું... તેવી છાપ -જામાં મૂકીને દિલ્હીની ગાદી સર કરી છે પણ તેને લાંબો સમય ટકાવવી અઘરી છે. ક્યારે ટેકાના પાયા હચમચે તે નિશ્ચિત નથી...એક ધારાસભ્ય ગયા, હવે ૨૭ બચ્યા છે તેમાં પણ ગણગણાટ ચાલે છે... હાલ તોઁ આપ નો -ભાવ ઓસરતો જાય છે..!!

**ફેક જાહેરખબર**

કોંગ્રેસને ગાંધીનગર, અમદાવાદ, સુરત અને વડોદરામાં લોકસભાના મજબૂત ઉમેદવાર જોઈએ છે, જીતી શકે તેવા ઉમેદવારો સંપર્ક કરે...!!